ઓલ ઈંગ્લેન્ડ : સિંધુ બહાર, રોહન-રૂત્વિકાની આગેકૂચ

બર્મિંઘમ, તા. ૧૨ : સ્ટાર ભારતીય ખેલાડી અને બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પીવી સિંધુ બુધવારે અહીં ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપના પ્રથમ રાઉન્ડમાં કોરિયાની કિમ ગા યુન સામે પ્રથમ ગેમ જીતવા છતાં મેચ હારી જતાં સ્પર્ધામાંથી બહાર થઇ ગઇ હતી. હેમસ્ટ્રિંગની ઇજા બાદ વાપસી કરી રહેલી 29 વર્ષીય સિંધુ, એરેના બર્મિંઘમ ખાતે એક કલાકથી થોડા વધુ સમયમાં વિશ્વની 21મી ક્રમાંકિત ખેલાડી કિમ સામે 21-19, 13-21, 13-21 થી હારી ગઇ હતી. સિંધુએ અગાઉ 2019માં હોંગકોંગ ઓપનમાં કિમ સામે એકમાત્ર મુકાબલો જીત્યો હતો. જોકે, રોહન કપૂર અને રૂત્વિકા શિવાની ગાડેની જોડીએ મુશ્કેલ મેચમાં ત્રણ ગેમ જીતીને મિક્સ ડબલ્સ ઇવેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

શુભમન ગિલ ફેબ્રુઆરી મહિનાનો ICC પ્લેયર ઓફ ધ મંથ જાહેર

દુબઈ, તા. 12 (પીટીઆઇ) : ભારતના સ્ટાર ઓપનર શુભમન ગિલને ફેબ્રુઆરી માટે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના મેન્સ પ્લેયર ઓફ ધ મંથ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી અને ઈંગ્લેન્ડ સામેની મર્યાદિત ઓવરોની ઘરઆંગણે સીરિઝમાં યાદગાર બેટિંગ પ્રદર્શન કરનાર ગિલે બુધવારે ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ અને ન્યુઝીલેન્ડના ગ્લેન ફિલિપ્સને હરાવીને આ એવોર્ડ જીત્યો હતો. ગિલે ફેબ્રુઆરીમાં પાંચ વનડેમાં 101.50ની સરેરાશ અને 94.19ના સ્ટ્રાઇક રેટથી 406 રન બનાવ્યા હતા. તેણે ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વન ડે સીરિઝમાં ભારતની 3-0થી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેણે બે અડધી સદી અને એક સદી ફટકારી હતી.

સાત વર્ષ પછી ભારતમાં PSA સ્ક્વોશ ચેમ્પિયનશિપની વાપસી

મુંબઈ, તા. 12 (પીટીઆઈ) : ભારતના ટોચના સ્ક્વોશ ખેલાડીઓ રમિત ટંડન અને અનાહત સિંહ 24થી 28 માર્ચ દરમિયાન અહીં 2018 પછી યોજાનારી PSA ટુનમિન્ટમાં ભાગ લેશે. આ સ્પર્ધામાં ઇજિપ્ત, કેનેડા, મલેશિયા અને જાપાન જેવા દેશોના ખેલાડીઓ પણ ભાગ લેશે. ટંડન અને અનાહત ઉપરાંત, વેલાવન સેન્થિલકુમાર, વીર ચોટારાણી અને આકાંક્ષા સાલુંખે જેવા ટોચના ભારતીય ખેલાડીઓ પણ આ ટુનમિન્ટમાં ભાગ લેશે.

રાવલપિંડીમાં ચેમ્પિયન્સ ટ્રોફીની એક મેચ માટે રૂ. 1,50,00,00,000નો ધૂમાડો કરાયો

રાવલપિંડી સ્ટેડિયમના રિનોવેશન માટે પીસીબીએ રૂ. 1500 કરોડનો ખર્ચ કર્યો પણ વરસાદે બે મેચ ધોઇ નાંખતા બધા પૈસા પાણીમાં ગયા

ફ્લડલાઇટ્સ, હોસ્પિટાલિટી બોક્સ, મુખ્ય ઇમારત પાછળ મોટો ખર્ચો કરાયો પણ ડ્રેનેજ સિસ્ટમ માટે કાણો પૈસો પણ ન ખર્ચાયો

નવી દિલ્હી, તા. 12 : કોઈપણ મોટા કાર્યક્રમનું આયોજન કર્યા પછી, યજમાન ચોક્કસપણે આવક અને જાવક એટલે કે કેટલો ખર્ચ થયો અને કેટલી કમાણી થઈ તેની સમીક્ષા કરે છે. જો કે આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી 2025ના આયોજન સંબંધે બહારથી જે કંઈ દેખાય છે તેવું લાગતું નથી. કેટલીક બાબતો માટે બેકઅપ પ્લાન ન હોવાને કારણે, પાકિસ્તાનને એટલું મોટું નુકસાન થયું કે તેણે સપનામાં પણ તેની કલ્પના કરી નહીં હોય.

પાકિસ્તાનમાં 3 સ્થળોએ કુલ 10 મેચ રમાવાની હતી. જેમાં રાવલપિંડી સ્ટેડિયમમાં રમાનારી ત્રણ મેચમાંથી બે મેચ વરસાદે ધોઇ નાંખી. રાવલપિંડી સ્ટેડિયમ ખાતે એકમાત્ર મેચ 24 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી. તે પછી 25 ફેબ્રુઆરીએ ઓસ્ટ્રેલિયા-દક્ષિણ આફ્રિકાની અને 27 ફેબ્રુઆરીએ યજમાન પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની મેચ વરસાદે ધોઇ નાંખી મહત્વની વાત એ હતી કે સ્ટેડિયમમાં પાણી કાઢવા માટેની ડ્રેનેજ સિસ્ટમ ખૂબ જ ખરાબ હતી. સુપર સોપરને બદલે, બાથરૂમમાં વપરાતા વાઇપર અને સ્પોન્જનો ઉપયોગ કરીને પાણી સૂકવવાનો પ્રયાસ કરાયો હતો.

અહેવાલો અનુસાર, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે રાવલપિંડી સ્ટેડિયમના રિનોવેશન માટે રૂ. 1500 કરોડ ફાળવ્યા હતા. આમાં ફ્લડલાઈટ્સને 350 LED લાઇટથી બદલવા માટે રૂ. 393 મિલિયન અને મુખ્ય ઈમારત, હોસ્પિટાલિટી બોક્સ અને શૌચાલય માટે રૂ. 400 મિલિયનનો સમાવેશ થાય છે. વધુમાં, બે LED ડિજિટલ સ્ક્રીન બદલવા માટે રૂ. ૩૩૦ મિલિયન ફાળવવામાં આવ્યા હતા, જ્યારે નવી બેઠકોની સ્થાપના માટે રૂ. 272 મિલિયન મળીને કુલ રૂ. 1500 કરોડ જેવા થાય છે. હવે એ સ્ટેડિયમ પર માત્ર એક જ મેચ રમાઈ તેથી તેના એ 1500 કરોડ ધોવાઈ જ ગયા એવું માની લેવું જરૂરી છે.

ICC વન ડે રેન્કિંગમાં રોહિત ત્રીજા સ્થાને પહોંચ્યો, ગિલ ટોચ પર યથાવત

ટોપ ટેન બેટ્સમેનમાં વિરાટ કોહલી એક સ્થાન નીચે સરકી પાંચમા અને શ્રેયસ અય્યર આઠમાં સ્થાને જળવાયો

ટોપ ટેન બોલર્સમાં તિક્શાના ટોચ પર યથાવત, મિચેલ સેન્ટર બીજા, કુલદીપ યાદવ ત્રીજા અને જાડેજા 10માં ક્રમે

દુબઈ, તા. 12 (પીટીઆઇ) : ચેમ્પિયન્સ ટ્રોફી ફાઇનલમાં શાનદાર પ્રદર્શન બાદ ભારતીય કેપ્ટન રોહિત શર્મા ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ના નવીનતમ વન ડે બેટ્સમેન રેન્કિંગમાં બે સ્થાન ઉપર આવીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે તેનો ઓપનિંગ પાર્ટનર શુભમન ગિલ ટોચના સ્થાને યથાવત છે.

રોહિતે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ન્યૂઝીલેન્ડ સામેની પોતાની ટીમની ચાર વિકેટની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેણે મુશ્કેલ બેટિંગ પરિસ્થિતિઓમાં 83 બોલમાં 76 રન બનાવ્યા હતા. આઠ ટીમોની આઇસીસી ટુર્નામેન્ટમાં 218 રન બનાવનાર સ્ટાર ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી એક સ્થાન નીચે સરકીને પાંચમા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે શ્રેયસ ઐયર આઠમા સ્થાને છે. રેન્કિંગમાં ટોપ 10માં ચાર ભારતીયો છે.

ન્યુઝીલેન્ડના ડેરિલ મિચેલ, રચિન રવિન્દ્ર અને ગ્લેન ફિલિપ્સની ત્રિપુટીએ પણ રેન્કિંગમાં મોટો સુધારો કર્યો છે. ન્યૂઝીલેન્ડના કેપ્ટન અને ડાબોડી સ્પિનર મિશેલ સેન્ટનરનો વનડે બોલરોની યાદીમાં છ સ્થાન ઉપર આવીને બી જા સ્થાને પહોંચી ગયો છે. શ્રીલંકાના ઓફ સ્પિનર મહિશ તિક્શાના તેમાં ટોચ પર છે. કુલદીપ યાદવ ત્રીજા અને રવિન્દ્ર જાડેજા 10મા સ્થાન સાથે ટોપ 10માં સામેલ થયા છે.

વનડે રેન્કિંગ ટોપ ટેન બેટ્સમેન

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	શુભમન ગીલ	ભારત	784
2	બાબર આઝમ	પાકિસ્તાન	770
3	રોહિત શર્મા	ભારત	756
4	હેનરિક ક્લાસેન	દ. આફ્રિકા	744
5	વિરાટ કોહલી	ભારત	736
6	ડેરિલ મિચેલ	ન્યૂઝીલેન્ડ	721
7	હેરી ટેક્ટર	આયર્લેન્ડ	713
8	શ્રેયસ અય્યર	ભારત	704
9	ચરિથ અસલંકા	શ્રીલંકા	694
10	ઇબ્રાહીમ ઝદરાન	અફઘાનિસ્તાન	676

વન ડે રેન્કિંગ ટોપ ટેન બોલર્સ

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	મહિષ તિક્શાના	શ્રીલંકા	680
2	મિચેલ સેન્ટનર	ન્યૂઝીલેન્ડ	657
3	કુલદીપ યાદવ	ભારત	650
4	કેશવ મહારાજ	દ. આફ્રિકા	648
5	બર્નાર્ડ સ્કોલ્ઝ	નામિબીયા	646
6	મેટ હેનરી	ન્યૂઝીલેન્ડ	642
7	રાશિદ ખાન	અફઘાનિસ્તાન	640
8	ગુડાકેશ મોતી	વેસ્ટઇન્ડિઝ	632
9	શાહિન આફ્રિદી	પાકિસ્તાન	619
10	રવિન્દ્ર જાડેજા	ભારત	616

WTC ફાઇનલમાં ભારતની ગેરહાજરીને કારણે લોર્ડ્સને રૂ. 45 કરોડના નુકસાનનો અંદાજ

ભારત ફાઇનલમાં આવશે એમ ધારીને એમસીસીએ ટિકીટના ભાવ વધારી દીધા હતા

ભારત ક્વોલિફાઇ ન થતાં ટિકીટની મૂળ કિંમતમાં 50 પાઉન્ડનો ઘટાડો કરી દેવામાં આવ્યો

લંડન, તા. 12 (પીટીઆઇ) : ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ માટે ક્વોલિફાય ન થવાને કારણે, જૂનમાં પાંચ દિવસીય મેચનું આયોજન કરતી વખતે લોર્ડ્સને લગભગ ચાર મિલિયન પાઉન્ડ અંદાજે રૂ. ૪૫ કરોડનું નુકસાન થવાની ધારણા છે. છેલ્લી બે સિઝનમાં રનર્સ-અપ રહ્યા બાદ ભારત આ વખતે ફાઇનલમાં સ્થાન મેળવવાથી ચૂકી ગયું. હવે ઓસ્ટ્રેલિયાનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે.

'ધ ટાઇમ્સ'ના અહેવાલ મુજબ, ભારત ક્વોલિફાય ન થવાને કારણે લોર્ડ્સને આગામી આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ માટે લગભગ ચાર મિલિયન પાઉન્ડ ઓછી આવક થશે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની ગેરહાજરીએ મેરીલેબોન ક્રિકેટ ક્લબ (એમસીસી) દ્વારા અપેક્ષિત નાણાકીય લાભોમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, જે વૈશ્વિક રમતમાં ભારતીય ક્રિકેટના નાણાકીય પ્રભાવને પ્રતિબિંબિત કરે છે. ગયા વર્ષના મોટા ભાગના સમય માટે આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલમાં ટોચના બે સ્થાન પર રહ્યા બાદ, રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમ ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે 0-3થી સીરિઝ હાર્યા બાદ ત્રીજા સ્થાને સરકી ગઈ હતી. તે પછી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ઓસ્ટ્રેલિયા સામે 1-3થી હારનો સામનો કરવો પડ્યો. આ બે હારને કારણે ટીમ ફાઇનલમાં સ્થાન મેળવવાથી ચૂકી ગઈ હતી.

ભારત ફાઇનલમાં પહોંચે તેવી અપેક્ષાએ એમસીસીએ મૂળરૂપે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ માટે ટિકિટના ભાવ ઊંચા રાખ્યા હતા. જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે ભારત ફાઇનલમાં નહીં પહોંચે, ત્યારે એમસીસીએ તેની વ્યૂહરચના સુધારી અને ટિકિટના ભાવ ઘટાડ્યા હતા. અહેવાલમાં જણાવાયું છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ માટે કિંમતમાં સુગમતા લાવવાનો નિર્ણય આ વર્ષે લેવામાં આવ્યો હતો. ટિકિટ હવે 40 થી 90 પાઉન્ડની વચ્ચે વેચાણ માટે ઉપલબ્ધ છે. આ મૂળ કિંમત કરતાં લગભગ 50 પાઉન્ડ સસ્તી છે. તેના કારણે આવકમાં ઘટાડો થયો છે.

BFIએ અનુરાગ ઠાકુરનું નામ ઇલેક્ટોરલ કોલેજમાંથી દૂર કર્યું

નવી દિલ્હી, તા. 12 પીટીઆઇ) : બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (બીએફઆઇ)એ બુધવારે 28 માર્ચે યોજાનારી ચૂંટણી માટે ઇલેક્ટોરલ કોલેજમાં સમાવેશ માટે અનુરાગ ઠાકુરના નામાંકનને નકારી કાઢીને કહ્યું હતું કે માજી રમત મંત્રી હિમાચલ પ્રદેશનું પ્રતિનિધિત્વ કરવા માટે લાયક નથી. હિમાચલ પ્રદેશ બોક્સિંગ એસોસિએશને ચૂંટણી માટે ઠાકુર અને ઉપપ્રમુખ રાજેશ ભંડારીના નામ મોકલ્યા હતા. બીએફઆઇએ 60 સભ્યોની ચૂંટણી કોલેજની યાદી બહાર પાડી હતી જેને ચકાસણી પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. નિર્ણય સમજાવતા, બીએફઆઇએ કહ્યું હતું કે અનુરાગ સિંહ ઠાકુર (હિમાચલ પ્રદેશ બોક્સિંગ એસોસિએશન)નું નામ રાજ્ય એકમ દ્વારા મોકલવામાં આવ્યું હતું. જોકે, 7 માર્ચ, 2025 ના રોજ ભારતીય બોક્સિંગ ફેડરેશનની નોટિસ અને ભારતીય રાષ્ટ્રીય રમત વિકાસ સંહિતા 2011 ના ઉલ્લંઘનને કારણે તેમને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે.

ઋષભ પંતની બહેનના લગ્નમાં એમએસ ધોની મનભરીને નાચ્યો, વીડિયો વાયરલ

ધોની, રૈના અને પંત 'દમા દમ મસ્ત કલંદર' પર ડાન્સ કરતા જોવા મળ્યા, ધોની પત્ની સાક્ષી સાથે ગીત પણ ગાતો દેખાયો

મસૂરી, તા. 12 : ભારતનો માજી કેપ્ટન એમએસ ધોની અને બેટ્સમેન સુરેશ રૈનાએ મંગળવારે વિકેટકીપર-બેટર ઋષભ પંતની બહેન સાક્ષીના મસૂરીની એક હોટલમાં યોજાયેલા લગ્ન સમારોહમાં હાજરી આપી હતી. ધોની, તેની પત્ની સાક્ષી સાથે મંગળવારે સાંજે મસૂરી પહોંચ્યો હતો અને તેણે રૈના સાથે મળીને લગ્નમાં ડાન્સ કર્યો હતો. તેણે સાક્ષી સાથે એક ગીત પણ ગાયું હતું. વાયરલ થયેલા વીડિયોમાં, ધોની, રૈના અને પંત પ્રસિદ્ધ બોલિવૂડ ગીત 'દમા દમ મસ્ત કલંદર' પર ડાન્સ કરતા જોઈ શકાય છે. પંતની બહેન ઉદ્યોગપતિ અંકિત ચૌધરી સાથે લગ્ન કરી રહી છે. પંત ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતીય ટીમ સાથે આ અઠવાડિયાની શરૂઆતમાં દુબઈથી ભારત પરત ફર્યો હતો અને તેણે મહેંદી, સંગીત અને પીઠી સમારોહમાં ભાગ લીધો હતો. એ ઉલ્લેખનીય છે કે ધોનીની પત્ની અને પંતની બહેનનું નામ એક સમાન છે. આ સમારોહમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ હાજરી આપવાના હોવાના અહેવાલ હતા. જોકે, પહેલા દિવસે રોહિત અને કોહલી ક્યાંય જોવા મળ્યા ન હતા.

માજી ભારતીય ઓલરાઉન્ડર સૈયદ આબિદ અલીનું નિધન

અમેરિકામાં બિમારીથી અવસાન પામેલા આબિદ અલીએ નોર્થ અમેરિકન ક્રિકેટ લીગના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો હતો



નવી દિલ્હી, તા. 12 : પોતાની બહુમુખી પ્રતિભા અને કુશળ ફિલ્ડિંગ માટે જાણીતા માજી ભારતીય ઓલરાઉન્ડર સૈયદ આબિદ અલીનું બુધવારે લાંબી બીમારી બાદ 83 વર્ષની વયે અમેરિકામાં અવસાન થયું હતું. આબિદ અલી હૈદરાબાદના પ્રખ્યાત ક્રિકેટરોના જૂથનો ભાગ હતો જેમાં એમએકે પટૌડી, એમએલ જયસિંહા અને અબ્બાસ અલી બેગનો સમાવેશ થતો હતો.

આબિદ અલીના નિધનના સમાચાર નોર્થ અમેરિકન ક્રિકેટ લીગ (NACL) દ્વારા શેર કરવામાં આવ્યા હતા. NACL એ તેના ફેસબુક પેજ પર પોસ્ટ કર્યું હતું કે ભારતીય ક્રિકેટના દિગ્ગજ ચાચા સૈયદ આબિદ અલીના નિધનના સમાચાર હું તમારી સાથે ખૂબ જ આદર સાથે શેર કરું છું, જેમણે ટ્રેસી, કેલિફોર્નિયાને પોતાનું ઘર બનાવ્યું હતું અને જેમનો નોંધપાત્ર વારસો આપણને બધાને શ્રેષ્ઠતા માટે પ્રયત્નશીલ રહેવા પ્રેરણા આપે છે. આબિદ અલીએ ડિસેમ્બર 1967માં ઓસ્ટ્રેલિયા સામે એડિલેડ ખાતે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું અને પ્રથમ ઇનિંગમાં 55 રન આપીને છ વિકેટ લઈને કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ક્રિકેટ જગતે તેમને શ્રદ્ધાંજલિ આપી અને તેમને એક સમર્પિત માર્ગદર્શક, ટીમ પ્લેયર અને અસાધારણ માનવી તરીકે યાદ કર્યા હતા.

ઇજાને પગલે રાહુલ દ્રવિડ રાજસ્થાન રોયલ્સના પ્રિ સિઝન કેમ્પમાં ગેરહાજર

જયપુર, તા. 12 : આગામી 22 માર્ચથી શરૂ થઇ રહેલી આઇપીએલ પહેલા, માજી ભારતીય કોચ રાહુલ દ્રવિડ ઘાયલ થયો હતો. રાજસ્થાન રોયલ્સે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર દ્રવિડનો પગમાં પ્લાસ્ટર સાથેનો એક ફોટો શેર કરીને કેપ્શનમાં લખ્યું હતું કે મુખ્ય કોચ રાહુલ દ્રવિડ બેંગ્લોરમાં ક્રિકેટ રમતી વખતે ઘાયલ થયો હતો. રાજસ્થાન રોયલ્સના મુખ્ય કોચ રાહુલ દ્રવિડે તાજેતરમાં કર્ણાટકમાં તેમના પુત્ર અન્વય દ્રવિડ સાથે ક્રિકેટ રમ્યું હતું. એ દરમિયાન તેને ડાબા પગમાં ઈજા થઈ હતી.

ચેમ્પિયન્સ લીગ : PSG, બાર્સેલોના, બાયર્ન મ્યુનિક અને ઇન્ટર મિલાન ક્વાર્ટરમાં

ગોલકીપર ગિયાનલુઇગી ડોનારુમ્માએ પેનલ્ટી શૂટઆઉટમાં બે પેનલ્ટી બચાવતા પીએસજીએ લિવરપુલને હરાવ્યું

બાર્સેલોનાએ બેનફિકાને, બાયર્ન મ્યુનિકે બેયર લેવરકુસેનને અને ઇન્ટર મિલાને ફેયેનૂર્ડને હરાવીને અંતિમ આઠમાં નામ લખાવ્યું

મેડ્રિડ, તા. 12 (એપી) : ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં ગોલકીપર ગિયાનલુઇગી ડોનારુમ્માના શાનદાર પ્રદર્શનથી પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી)એ પેનલ્ટી શૂટઆઉટમાં લિવરપૂલને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં બાર્સેલોના, બાયર્ન મ્યુનિક અને ઈન્ટર મિલાન સાથે જોડાઇ ગયું હતું.

પીએસજીએ બીજા લેગમાં લિવરપૂલને 1-0થી હરાવીને કુલ સ્કોર 1-1થી બરાબર કર્યો. પીએસજી માટે આ મહત્વપૂર્ણ ગોલ ૧૨મી મિનિટે ઓસ્માને ડેમ્બેલેએ કર્યો હતો. પેનલ્ટી શૂટઆઉટમાં, ડોનારુમ્માએ ડાર્વિન નુનેઝ અને કર્ટિસ જોન્સના પેનલ્ટી શોટ બચાવીને પોતાની ટીમને 4-1થી જીત અપાવી હતી. પીએસજીનો આગામી મુકાબલો એસ્ટન વિલા અથવા ક્લબ બ્રુગ સામે થશે.

બાર્સેલોનાએ બેનફિકાને તેના હોમ ગ્રાઉન્ડ પર રાફિન્હાના બે અને લેમિન યમાલના એક ગોલની મદદથી 3-1થી હરાવ્યું હતું. આમ બાર્સેલોનાએ કુલ 4-1 ના સ્કોરથી જીત મેળવી. તે ક્વાર્ટર ફાઇનલમાં બોરુસિયા ડોર્ટમંડ અથવા લિલી સામે રમશે. પ્રથમ તબક્કામાં ૩-0થી જીત મેળવ્યા બાદ, બાયર્ન મ્યુનિકને તેમના જર્મન હરીફ બેયર લેવરકુસેનને હરાવવામાં કોઈ મુશ્કેલી પડી ન હતી. તેઓએ બીજો લેગ 2-0થી જીત્યો અને આમ 5-0થી કુલ જીત મેળવીને ચેમ્પિયન્સ લીગમાં રેકોર્ડ 23મી વખત અંતિમ આઠમાં પ્રવેશ કર્યો હતો. સાન સિરો ખાતે ઈન્ટર મિલાને ફેયેનુર્ડને 2-1થી હરાવ્યું અને કુલ 4-1ના સ્કોર સાથે જીત મેળવી હતી. બાયર્ન અને ઈન્ટર અંતિમ આઠમાં એકબીજાનો સામનો કરશે.

સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર ગેમ્સમાં સ્નોબોર્ડર્સે ભારતનું ખાતું ખોલાવ્યું

ભારતીય સ્નોબોર્ડર્સે બે ગોલ્ડ અને બે સિલ્વર સાથે કુલ ચાર મેડલ જીત્યા

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઇ) : ભારતે ઇટાલીના તુરિનમાં રમાઈ રહેલા સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર ગેમ્સમાં પોતાના અભિયાનની સકારાત્મક શરૂઆત કરી છે, જેમાં બે ગોલ્ડ અને એટલા જ સિલ્વર મેડલ સહિત કુલ ચાર મેડલ જીત્યા છે.

મંગળવારે બાર્ડોનેચિયામાં આયોજિત દિવસની એકમાત્ર મેડલ ઇવેન્ટ, સ્નોબોર્ડિંગમાં ભારતીય ખેલાડીઓ પોડિયમ સુધી પહોંચવામાં સફળ રહ્યા. ભારતી અને સમીરે એક-એક ગોલ્ડ મેડલ, જ્યારે હેમ ચંદ અને હર્ષિતા ઠાકુરે નોવિસ જાયન્ટ સ્લેલોમ ફાઇનલમાં પોતપોતાના વિભાગોમાં સિલ્વર મેડલ જીત્યા હતા.

આ રમતોમાં 49 સભ્યોની ભારતીય ટીમ ભાગ લઈ રહી છે, જેમાં 30 ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના 19 સભ્યોનો સમાવેશ થાય છે. આ રમતોનું આયોજન કરવાનો ઉદ્દેશ્ય રમતગમતની દુનિયામાં સમાવેશકતા અને પ્રતિનિધિત્વને પ્રોત્સાહન આપવાનો છે. આ રમતોમાં 102 દેશોના લગભગ 1500 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે, જેઓ આઠ રમતોમાં પોતાનો પડકાર રજૂ કરશે.

એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ માટે 15 માર્ચે દિલ્હીમાં ટ્રાયલ

પુરુષોની ફ્રીસ્ટાઇલ, મહિલા રેસલિંગ અને ગ્રીકો-રોમન શૈલીની બધી કેટેગરીઓ માટે વજન માપન ટ્રાયલના દિવસે જ યોજાશે

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ) : રાષ્ટ્રીય રમતગમત મહાસંઘ (એનએસએફ) તરીકે પુનઃસ્થાપિત થયા પછી, ભારતીય રેસલિંગ ફેડરેશન (ડબલ્યુએફઆઈ)એ બુધવારે જાહેરાત કરી કે આગામી એશિયન ચેમ્પિયનશિપ માટે પસંદગી ટ્રાયલ 15 માર્ચે દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાશે.

ડબલ્યુએફઆઈના નવા વહીવટની દેખરેખ હેઠળ આ પ્રથમ પસંદગી ટ્રાયલ હશે. 21 ડિસેમ્બર, 2023 ના રોજ નવા ડબલ્યુએફઆઈ પદાધિકારીઓની પસંદગી માટે ચૂંટણી યોજાવાની હતી તેના ત્રણ દિવસ પછી તેને સ્થગિત કરવામાં આવી હતી. એશિયન ચેમ્પિયનશિપ 25 થી 30 માર્ચ દરમિયાન જોર્ડનના અમ્માનમાં યોજાશે. તેમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓની પસંદગી કરવા માટે જ ટ્રાયલ યોજાશે. ડબલ્યુએફઆઈના પરિપત્ર મુજબ, પુરુષોની ફ્રીસ્ટાઈલ, મહિલા રેસલિંગ અને ગ્રીકો-રોમન શૈલીની બધી કેટેગરીઓ માટે વજન માપન ટ્રાયલના દિવસે જ યોજાશે અને બધા સહભાગીઓને 2 કિલો વજનમાં છૂટ આપવામાં આવશે.

માહ્યાવંશી યુનિક લીગ ક્રિકેટમાં ઉજ્જવલ ભગતની સદીથી જશુબા વોરિયર્સ ક્વાર્ટર ફાઇનલમાં

સુરત : કીમ પીપોદરા ખાતે રમાઇ રહેલી માહ્યાવંશી યુનિક લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટની જશુબા વોરિયર્સ અને માહિ કટપોરિયા ઇલેવન વચ્ચેની પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં માહિ કટપોરિયા ઇલેવને પ્રથમ દાવ લઇને 163 રન બનાવ્યા હતા. તે પછી 164 રનના લક્ષ્યાંક સામે ડૂમસના ઉજ્જવલ ભગતે આક્રમક બેટિંગ કરીને 55 બોલમાં 12 ચોગ્ગા અને સાત છગ્ગાની મદદથી સદી ફટકારતાં જશુબા વોરિયર્સે 18.2 ઓવરમાં લક્ષ્યાંક આંબી લીધો હતો. આ પહેલા તેણે બોલિંગમાં 20 રન આપીને ત્રણ વિકેટ પણ લીધી હતી. આ ટૂર્નામેન્ટમાં ઉજ્જવલ સાત ઇનિંગમાં 366 રન બનાવવા ઉપરાંત બોલિંગમાં 15 વિકેટ પણ લઇ ચૂક્યો છે. આ ટૂર્નામેન્ટની ફાઇનલ આગામી 30 માર્ચે લાલભાઇ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર રમાડવામાં આવશે.

પીઠાવાલા ટી-20 ટ્રોફીનો પ્રારંભ, પ્રથમ બે મેચમાં રઘુવીર અને એલએફ ઇગલ જીત્યા

સુરત : ભીમપોર ખાતે આજે મંગળવારથી પીઠાવાલા ટી-20 ટ્રોફીની બીજી એડિશનની શરૂઆત પીઠાવાલા સ્પોર્ટસ ક્લબના એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી બિરેન પીઠાવાલાના હસ્તે કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે રમાયેલી બે મેચમાંથી પહેલી મેચમાં રિલાયન્સ ઇલેવને ટોસ જીતીને દાવ લીધો હતો, જો કે તેમની ટીમ માત્ર 86 રન સુધી જ પહોંચી શકી હતી તે પછી રઘુવીર ટીમે બે વિકેટના ભોગે લક્ષ્યાંક આંબીને આઠ વિકેટે જીત મેળવી હતી. જ્યારે બીજી મેચમાં બીઆર ઇલેવને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં 119 રન બનાવ્યા હતા, જેની સામે એલએફ ઇગલ ઇલેવને સાત વિકેટના ભોગે લક્ષ્યાંક કબજે કરીને મેચ ત્રણ વિકેટે જીતી લીધી હતી.

આર્જેન્ટિનાએ મેરાડોનાના 7 હેલ્થકેર પ્રોફેશનલ્સ સામે ટ્રાયલ શરૂ કરી

જેમની સામે આરોપ છે તેમાં એક ન્યુરોસર્જન, એક મનોચિકિત્સક અને ઘણા તબીબી કર્મચારીઓનો સમાવેશ

બ્યુનોસ આયર્સ, તા. 12 (એપી) : આર્જેન્ટિનાની એક અદાલતે મંગળવારે ફૂટબોલ દિગ્ગજ ડિએગો મેરાડોનાના 60 વર્ષની વયે મૃત્યુમાં બેદરકારીના આરોપમાં સાત હેલ્થકેર પ્રોફેશનલ્સ સામે ટ્રાયલ શરૂ કરી હતી. 25 નવેમ્બર, 2020ના રોજ જ્યારે મેરાડોનાને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો ત્યારે તે પ્રોફેશનલ્સની દેખરેખ હેઠળ હતો. ત્રણ ન્યાયાધીશો નક્કી કરશે કે શું આરોપ મૂકવામાં આવેલા લોકો, જેમાં એક ન્યુરોસર્જન, એક મનોચિકિત્સક અને ઘણા તબીબી કર્મચારીઓનો સમાવેશ થાય છે, તેઓ માનવવધના દોષિત છે કે નહીં. સજા પામેલા લોકો માટે મહત્તમ જેલની સજા 25 વર્ષ છે.